# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : શીતલ વૈષ્ણવ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૧૭-૧૦-૨૦૨૪** **સમય-સાંજે-૬.૨૫**

---

## પ્રધાનમંત્રી-અભિધમ્મ દિવસ :

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભાષા, સાહિત્ય, કળા અને આધ્યાત્મિકતા જેવા સાંસ્કૃતિક સ્તંભો દેશની ઓળખ બનાવે છે.નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય અભિધમ્મ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા પ્રધાનમંત્રીએ ભગવાન બુદ્ધના ઉપદેશ અંગે ધ્યાન દોર્યું હતું.પ્રધાનમંત્રીએ દેશના યુવાનોને વિજ્ઞાન અને ટેક્નૉલોજીમાં વિશ્વનું નેતૃત્વ કરતી વખતે પોતાની સંસ્કૃતિ અને મૂલ્યો પર ગૌરવ લેવા આહ્વાન કર્યું હતું.**

**RNU અમદાવાદ**

---

## વન વિભાગ-ડોલ્ફિનની ગણતરી :

તાજેતરમાં વન વિભાગ દ્વારા ડોલ્ફીનની ગણતરી કરવામાં આવી,જેમાં ગુજરાતના 4 હજાર,87 કિલોમીટરના દરિયાઈ વિસ્તારમાં અંદાજે 680 ડોલ્ફિન નોંધાઈ છે.આ અંગે વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે,ગુજરાતમાં સૌથી વધુ 498 ડોલ્ફીન કચ્છના ઓખાથી ભાવનગરના નવલખી સુધી વિસ્તરેલા મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચ્યૂરીના વિસ્તારમાં હોવાની શક્યતા છે.વધુમાં તેમણે ઉમેર્યું કે માનવ મિત્ર જળચર તરીકે ઓળખાતી ડોલ્ફિન દેશ-વિદેશના

પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.ગુજરાતના દરિયાકાંઠે ઇન્ડિયન ઓસન હમ્પબેક પ્રજાતિની ડોલ્ફીન જોવા મળી છે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલે ડોલ્ફિન ગણતરી પદ્ધતિ વિશે માહિતી આપતા જણાવ્યું કે,બે દિવસ ચાલેલા આ સર્વેમાં વિવિધ સંસ્થાઓના વૈજ્ઞાનિક, નિરીક્ષક, ફોટોગ્રાફર અને ક્ષેત્ર સહાયક એમ કુલ મળીને ૪૭ વિશેષજ્ઞ જોડાયા હતા.

**RNU અમદાવાદ**

---

## ગાંધીધામ-ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી :

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી તેમજ ટોક શોનું આયોજન જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તેમજ ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સંયુક્ત ઉપક્રમે ગાંધીધામ ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉદ્યોગકારો દ્વારા તેમના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. નવા ઉદ્યોગો આવે તથા રોજગારીનું સર્જન થાય તે હેતુ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, એસ.બી.આઇ. બેંક, તેમજ RSETI કચેરી દ્વારા વિવિધ લોન સહાય,પ્રોત્સાહન સ્કીમ, નવા વ્યવસાયિક અવસરોની ચર્ચા માટે ઉદ્યોગકારો તેમજ તોલાણી કોલેજ,આદીપુરના વિદ્યાર્થીઓને પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું.

**માહિતી ખાતું**

---

## ઉખેડા-વિકાસ સપ્તાહની ઉજવણી :

“વિકાસ સપ્તાહ-૨૦૨૪”ની ઉજવણી હેઠળ “બેટી બચાઓ, બેટી પઢાઓ” યોજના અંતર્ગત ઉખેડા ગામમાં તાજેતરમાં જન્મેલી દીકરીઓ માટે શ્રી

ઉખેડા પ્રાથમિક શાળા ખાતે "દીકરી ગૌરવોત્સવ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

નખત્રાણા પ્રાંત અધિકારીએ કાર્યક્રમનો હેતુ સમજાવતા દીકરીઓને શિક્ષિત કરવા તથા સરકારશ્રીની યોજનાનો લાભ લેવા અનુરોધ કરાયો હતો.જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવની દવે દ્વારા જણાવાયું હતું કે,આ "નવતર પહેલ" ની શરૂઆત કચ્છ જિલ્લામાં પ્રથમ ઉખેડાથી કરાઇ છે.આ કાર્યક્રમ અંતર્ગત દીકરીઓનું પૂજન અને "ઘર કી પહેચાન બેટીઓ કે નામ" અભિયાન અંતર્ગત "દીકરી નેઈમ પ્લેટ" ડ્રાઈવ રાખવામાં આવી હતી.શાળા પરિવાર દ્વારા "બેટી બચાઓ બેટી પઢાઓ" નાટક યોજવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન જિલ્લા મહિલા અને બાળ અધિકારીના માર્ગદર્શન હેઠળ DHEWની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

**માહિતી ખાતું**

---

## સ્વચ્છ ભારત મિશન-તાલીમ :

"સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત જન જન સુધી સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તે માટે કચ્છ જિલ્લામાં વિવિધ પ્રવૃતિ સાથે સફાઇ કામગીરી ચાલી રહી છે.ત્યારે ભુજ તથા ગાંધીધામ તાલુકા પંચાયત કચેરી ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા અમદાવાદ દ્વારા સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અંતર્ગત ભુજ તથા ગાંધીધામ તાલુકાના સરપંચ અને તલાટીકમ મંત્રીની રિફ્રેશર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

**માહિતી ખાતું**

-----------------------------------------------------------------------------------------

## સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમ :

દરેક શહેરમાં “સ્વચ્છતા હી સેવા” અભિયાન હેઠળ વિવિધ જગ્યાઓએ અનેક જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.જે અંતર્ગત કચ્છ જિલ્લામાં માંડવી અને રાપર નગરપાલિકા દ્વારા દિવસ અને રાત્રિ સફાઇ કામગીરી કરવામાં આવી હતી.આ સાથે પડાણા, સતાપર તથા બુઢારમોરા સહિતની વિવિધ પંચાયત દ્વારા વિવિધ વિસ્તાર સ્થળોએ સફાઈ કરવામાં આવી હતી.સ્વચ્છતા માટે જનજાગૃતિ કેળવાય તે માટે રચનાત્મક કાર્યો કરવામાં આવ્યા હતા.

**માહિતી ખાતું**

-----------------------------------------------------------------------------------------

## વાલ્મીકી જયંતીની ઉજવણી :

આજે દેશ સહિત રાજ્યભરમાં વાલ્મીકિ જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે.વાલ્મીકિ સંપ્રદાયના સભ્યો રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મીકીને ભગવાનના દૂત માને છે અને તેમની જયંતીને ભક્તિભાવ સાથે ઉજવે છે.આ પ્રસંગે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે.ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સૌને વાલ્મીકી જયંતીની શુભેચ્છાઓ પાઠવી હતી.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------------------

## આંચકો :

આજે વહેલી પરોઢે ૪ વાગ્યાની આસપાસ ભૂકંપનો હળવો આંચકો નોંધાયો હતો.૪ ના રીક્ટર સ્કેલ પર આંચકાનું કેન્દ્ર બિંદુ ખાવડાથી ૪૭ કીમી દુર હોવાનું નોંધાયું હતુ.